આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૭-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# જળ સંચય જનભાગીદારી પહેલ

રાજ્યમાં વરસાદી પાણીના સંગ્રહ માટેના ખાસ 24 હજાર 800 સ્થળો વિકસાવવાના "જળ સંચય જન ભાગીદારી" પહેલનો ગઈકાલથી આરંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરતમાં યોજાયેલા રાજ્યકક્ષાના જન ભાગીદારી પહેલના કાર્યક્રમમાં વર્ચ્યુઅલી સંબોધન કરતાં જણાવ્યું કે, જળ સંચય એ માત્ર નીતિ વિષયક મુદ્દો નથી પણ સામાજિક જવાબદારી છે. શ્રી મોદીએ આપણી આગામી પેઢીઓ માટે સાતત્યપૂર્ણ ભાવિ સુનિશ્ચિત કરવા આ કામગીરીમાં જન ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું કે, આપણી ભાવિ પેઢીઓ પાણી પ્રત્યેના આપણા અભિગમના માપદંડના આધારે આપણું મૂલ્યાંકન કરશે. તેમણે જણાવ્યું કે, પાણી એ માનવતાના ભાવિનું જીવન છે.

પ્રધાનમંત્રીએ ભવિષ્યમાં પાણીની સંભવિત ઘટની સમસ્યા રોકવા નવા અભિગમ સાથે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જળસંગ્રહ માટે ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી સરદાર સરોવર તથા સૌની યોજના સહિતની વિવિધ યોજનાઓ અને પહેલોની માહિતી આપી હતી.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

-------------------------------------------------------------------

## ગેમિંગ એક્ટીવીટી એરીયા માટે નવા નિયમો

રાજ્ય સરકારે ગુજરાતમાં સ્વતંત્ર અથવા વ્યવસાયિક સંકુલોમાં આવેલા ગેમીંગ એક્ટિવિટી એરિયા એટલે કે, કોમ્પ્યુટર આધારિત રમતોના સ્થળો માટે નવા નિયમોની જાહેરાત કરી છે.

તાજેતરમાં રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડને પગલે રાજ્યમાં જાહેર સલામતી અને જાહેર હિતને ધ્યાને લઈને આ નિર્ણય લેવાયો છે. નવા નિયમોમાં ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં અલગ અલગ પ્રવેશ અને નિકાસ, તાકીદની પરિસ્થિતીમાં બહાર નીકળવાનો માર્ગ અને સલામત આશરો લઇ શકાય તેવુ સ્થળ તૈયાર કરવા જેવી જોગવાઇઓ કરવામાં આવી છે. ગેમીંગ ઝોનના સ્થળે ઇમારતના ઉપયોગ માટેનું, અગ્નિશામક દળ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર તથા અન્ય તમામ લાયસન્સ, NOC, પરમિટ વગેરે લોકો સરળતાથી જોઇ શકે તે રીતે પ્રદર્શિત કરવાના રહેશે..

આ ઉપરાંત, સંબંધિત સ્થળોના રસ્તાની પહોળાઈ, લધુત્તમ વિસ્તાર, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયોનો પણ સમાવેશ થાય છે. પરવાનગી વિના વપરાશ શરૂ કર્યો હોય તેના માટે દંડ લેવાની જોગવાઇ પણ નવા નિયમોમાં કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## રાજ્યમાં શિક્ષકોની ભરતી

રાજ્ય સરકારે શાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની તારીખો જાહેર કરી છે. શિક્ષકોની ભરતી પસંદગી સમિતિના જણાવ્યા અનુસાર, બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયકની ભરતી માટેની જાહેરાત, ૨૫ સપ્ટેમ્બરનાં રોજ તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયકની ભરતી માટેની જાહેરાત, ૧૦ ઓક્ટોબરનાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આચાર્ય, જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જે

અંતર્ગત ૧ ઓગસ્ટના રોજ આચાર્ય તેમજ ૧ સપ્ટેમ્બરનાં રોજ અંદાજિત ૪ હજાર જેટલા જૂના શિક્ષકો માટે ભરતીની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

## રેશકાર્ડ e-KYC

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડ ધરાવતા લાભાર્થીઓને e-KYC કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬ લાખ રેશનકાર્ડનાં ૭૮ લાખ લાભાર્થીઓની e-KYC વેરીફીકેશન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે, બાકીના રેશનકાર્ડ લાભાર્થીઓની e-KYC પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રેશનકાર્ડ ધારકો હવે સરળતાથી ઘરેબેઠાં 'MY RATION' મોબાઈલ એપ્લિકેશન થકી e-KYC કરી શકે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ મામલતદાર-ઝોનલ કચેરીમાં, ગ્રામીણ સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં તેમજ 'PDS+' મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને 'આધાર' આધારિત 'ફેસ ઓથેન્ટિકેશન' દ્વારા e-KYC કરાવી શકે છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

## ગણેશ ચતુર્થી અને સંવત્સરી પર્વ

આજે સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ ગણેશ ચતુર્થીની ઉજવણી થઈ રહી છે. ભુજમાં મહારાષ્ટ્રિયન મંડળ અને પોલીસ લાઈનમાં લગભગ અર્ધી સદીથી આ પર્વ દસ દિવસ ઉજવાય છે. અન્ય જાહેર સ્થળોએ પાંચ દિવસ વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે તે ઉજવાય છે લોકો ઘરોમાં એક થી ત્રણ દિવસ ગણપતિની મૂર્તિની સ્થાપના કરી તેનું પૂજન કરે છે.

જૈનોનાં મહાપર્વ સમાન પર્યુષણ પર્વનું સમાપન થઈ રહ્યું છે આજે ઘણા સ્થળે સંવત્સરી ક્ષમાપના પવે સાથે તેનું સમાપન થશે. જિનાલયો ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગાજી રહ્યા છે. આજે સંવત્સરી ક્ષમાપના સાથે જૈન ભાઈ

બહેનો મિચ્છામી દુક્કડમની આપલે કરી વર્ષ ભર નાં જે ભૂલો થઈ હોય તેની માફી માગે છે

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગણેશ ચતુર્થી અને સંવત્સરીના પર્વ નિમિકે  નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## જખૌ નજીક માદક પદાર્થ જપ્ત

સરહદ સલમાતી દળ-બીએસએફે જખૌ કાંઠા પાસેથી  માદક પદાર્થના 11 પેકેટ જપ્ત કર્યા છે. કચ્છના દરિયાકાંઠેથી માદક પદાર્થના બિનવારસુ પેકેટો મળવાનું ફરી શરુ થઇ ગયું છે.ગત 17 ઓગષ્ટના કુંડીબેટમાં સર્ચ દરમિયાન બીએસએફને બે પેકેટ મળ્યા હતા.એ સમય બાદ ભારે વરસાદ અને વાવાઝોડાના પવનમાં વધુ પેકેટની શક્યતા હોઈ 18 બોટલિયનના જવાનોને મેડી ક્રિક પરથી માદક પદાર્થના 10 પેકેટ અને એક પ્લાસ્ટિકના બોક્સ વાળું પેકેટ મળી આવ્યું છે. આ તમામ 11 પેકેટેને વધુ તપાસ માટે એફ.એસ.એલમાં મોકલી દેવાયા છે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## મોમાયમોરા ખાતે વન કવચનું નિર્માણ

વાગડ વિસ્તારના યાત્રાધામ મોમાયમોરા ખાતે વન વિભાગ દ્વારા સામાજીક વનીકરણ અંતર્ગત વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. લોકો હરવા ફરવા સાથે શુદ્ધ હવાની સુવિધા માણી શકે તે માટે બે હેકટર જમીનમાં અલાયદા વન કુટિરનું નિર્માણ કરાયું છે. જેનું ગઈકાલે  લોકાર્પણ કરાયુ હતું.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------